ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
ઈમેઈલ-info@kskvkachchhuniversity.org

ફોન નં.(૦૨૮૩૨)૨૩૫૦૦૨, ૨૯૩૯૧૧
ફેકસ નં.(૦૨૮૩૨) ૨૩૫૦૧૨
વેબ-kskvkachchhuniversity.org

રેફ. નં.: ક્યુ/E.C.-મિનિટ્સ/૦૮/ ૮૦૨ ૧૧૨ ૧૦ તા.૨૪/૧૦/'૦૮

પ્રતિ,
માન. કુલપતિશ્રી
કચ્છ યુનિવર્સિટી,
ભૂજ.

**વિષય:–** તા.૧૫/૧૦/'૦૮ નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાની મિનિટ્સ નોંધ.

શ્રીમાન,

માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૫/૧૦/'૦૮ના રોજ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભા યુનિવર્સિટી કાર્યાલય ખાતે ૧૨:૦૦ કલાકે યોજાયેલ. આ સભાની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખેલ છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

Sd/- A.P. Mehta 25.10.08
કુલસચિવ

**બિડાણ : મિનિટ્સ નોંધ.**

**નકલ રવાના:**
૧. માન. કુલપતિશ્રીના અંગત મદદનીશ તરફ માન. કુલપતિશ્રીના ધ્યાન પર મુકવા સારૂ.
૨. કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ
૩. ફાઈલે

**એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૧૫/૧૦/'૦૮ નાં રોજ ૧૨:૦૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ :**

આજ રોજ તા.૧૫/૧૦/'૦૮ નાં રોજ સવારે ૧૨:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના કોન્ફરન્સ હોલમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રીના અનુમોદનથી સૌ સભ્યશ્રીઓને આવકારી સભાની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. કે. વી. ગોર,<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન ,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>પ્રમુખશ્રી, માંડવી નગરપાલિકા. | ગેર હાજર |
| ડૉ. એચ.કે. કાકરાની,<br>આચાર્યશ્રી, તોલાણી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી, આદિપુર. | ગેર હાજર |
| શ્રી પી.એમ. ભટ્ટ,<br>આચાર્યશ્રી, જે.બી. ઠકકર કોમર્સ કોલેજ, ભૂજ. | હાજર |
| શ્રી ચિન્મોય બેનર્જી,<br>ડાયરેકટરશ્રી, અંજાર એજ્યુકેશન સોસાયટી, અંજાર | હાજર |
| શ્રી મહેશભાઈ આહિર<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., ભૂજ. | હાજર |
| શ્રી અનિલ એચ. ગોર (રજીસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી)<br>મેમ્બર સેક્રેટરી | હાજર |

૧. **ગત્ મિનિટ્સનું વાંચન અને બહાલી :**

ગત મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને તેના નીચે જણાવેલ બે મુદ્દા પર ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે નીચે મુજબ નકકી કરવામાં આવેલ.

**તા.૧૧/૯/'૦૮ ની મિનિટ્સમાં ઠરાવ નં.૪ ને ઠરાવ નં.૧ પર મૂકવાનું સૂચન થયું જે સ્વીકારવામાં આવ્યું.**

૨. **તા.૧૧/૯/'૦૮ ની મિનિટ્સમાં મુદા નં. ૮ ના ઠરાવ નં.૧૧ પર ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.**

ઠરાવ : ૧ **જી.એમ.ડી.સી. કોલેજ, નખત્રાણાની ડિપોઝીટ પરત કરવા અંગે Expert Opinion મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

તા.૧૧/૯/'૦૮ ની મિનિટ્સના અન્ય મુદાઓને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૩. **યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં પ્રોફેસર, રીડર, લેકચરરની ભરતી માટે તા.૪/૧૦/'૦૮ તથા તા.૫/૧૦/'૦૮ ના રોજ ઈન્ટરવ્યુની કાર્યવાહી હાથ ધરાયેલ તેની ચર્ચા વિચારણા અને બહાલી :**

યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં પ્રોફેસર, રીડર, લેકચરરની ભરતી માટે તા.૪/૧૦/'૦૮ તથા તા.૫/૧૦/'૦૮ ના રોજ ઈન્ટરવ્યુની કાર્યવાહી પસંદગી સમિતિ દ્વારા હાથ ધરવામાં આવેલ. સભ્યશ્રીઓની હાજરીમાં પસંદગી સમિતિના બંધ કવરો ખોલવામાં આવેલ હતા અને કયા વિષયમાં કોની પસંદગી થઈ છે તેના નામો ચર્ચવામાં આવ્યા હતા. ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો.

<u>ઠરાવ :–૨</u> **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના જુદા–જુદા વિષયોના પ્રોફેસર, રીડર અને લેકચરરની પસંદગી માટે તા.૪/૧૦/'૦૮ તથા તા.૫/૧૦/'૦૮ ના રોજ મળેલ પસંદગી સમિતિની ભલામણો અને વિગતે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ નિર્ણય લેવા.**

**નીચે દર્શાવેલ વિષયના પ્રાધ્યાપક અને રીડરની પસંદગી સમિતિની ભલામણ સ્વિકારવી.**

**એજ્યુકેશન :–**

– પ્રોફેસર : ૧. ડૉ. ભગાભાઈ એસ. પટેલ

– રીડર : ૧. ડૉ. સોનવાણે જગદીપ આર.

**અંગ્રેજી :–**

– પ્રોફેસર : ૧. ડૉ. શ્રીધર રાજેશ્વરન

– રીડર : ૧. ડૉ. બાલાજી રંગનાથન

**અર્થ એન્ડ એનવાયરમેન્ટલ સાયન્સના વિષયના લેકચરરની પસંદગી સમિતિની નીચે મુજબની ભલામણ સ્વિકારવી. તે મુજબ નિમણૂંક આપવી.**

**અર્થ એન્ડ એનવાયરમેન્ટલ સાયન્સ :–**

લેકચરર : ૧. ડૉ. ત્રિવેદી મૃગેશ એચ.

**અંગ્રેજી વિષયમાં એ.સી./બી.સી. માટે અનામત 'રીડર' ની જગ્યા સંબંધે પસંદગી સમિતિની ભલામણનો સ્વિકાર કરવો નહી.**

અધ્યક્ષ સ્થાનેથી નીચે જણાવ્યાનુસારના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ.

૧. **કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટિટ્યુટ, સાપેડામાં PGDCA તથા PGDBA અભ્યાસક્રમો શરૂ કરવા બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય :**

કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટિટ્યુટ, સાપેડામાં PGDCA તથા PGDBA અભ્યાસક્રમો શરૂ કરવા બાબતે ચર્ચા વિચારણાના અંતે સર્વાનુમતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ: ૩ **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટિટ્યુટ, સાપેડામાં PGDCA તથા PGDBA અભ્યાસક્રમ L.I.C. કમિટિના રીપોર્ટના આધારે યુનિવર્સિટીની બધી જ જોડાણની શરતો અને નિયમોના પરિપાલન કરવાની શરતે, પૂર્ણ સમયના અભ્યાસક્રમ તરીકે આ અભ્યાસક્રમો શરૂ થાય તે માટે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યને સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી માટે યુનિવર્સિટીએ ભલામણ કરવી.**

---